# ધોરણ : ૧૨ કોમર્સ

## માર્ચ : 2020ની બોર્ડની પરીક્ષા માટે

## MOST IMP

## નામાનાં મૂળતત્વોનું પેપર

# વિષય : નામાનાં મૂળતત્વો

સમય : 3 કલાક　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　કુલ ગુણ : 100

સૂચનાઓ:
(1) આ પ્રશ્નપત્રમાં કુલ છ વિભાગ અને 35 પ્રશ્નો છે.
(2) પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે
(4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
(5) નવો વિભાગ નવા પાના પર લખવો .
(6) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
(7) ગણતરી માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

## વિભાગ : A

• નીચે આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો : (પ્રત્યેકના 1 ગુણ) 10

(1) આ પદ્ધતિ માં મૂડીની રકમ બદલતી હોવાથી મૂડીનું વ્યાજ દર વર્ષ બદલાતું રહે છે.
(a) અસ્થિર મૂડી ખાતાની પદ્ધતિ　　(b) સ્થિર મૂડી ખાતાની પદ્ધતિ
(c) ચાલુ ખાતાની પદ્ધતિ　　(d) નુકસાન

(2) જે ધંધામાં જોખમ નું પ્રમાણ વધુ હોય તે ધંધાની પાઘડીની કિમત કેવી હોય છે?
(a) વધુ　　(b) ઓછી
(c) શૂન્ય　　(d) ઋણ

(3) કારીગર નફાભાગ ભંડોળ ભાગીદારી પેઢી માટે શું છે?
(a) લેણું　　(b) અનામત
(c) મિલકત　　(d) દેવું

(4) પુનઃમૂલ્યાંકન ખાતાનું બીજું નામ કયું છે ?
(a) મૂડી અનામત ખાતા　　(b) નફા નુકસાન ફાળવણી ખાતા
(c) નફા – નુકસાન હવાલા ખાતા　　(d) નફા – નુકસાન ખાતા

(5) પેઢીના વિસર્જન સમયે સામાન્ય અનામત ખાતાની બાકી ક્યાં ખાતે લઈ જવામાં આવે છે ?
(a) માલ મિલકત નિકાલ ખાતે　　(b) રોકડ ખાતે
(c) નફા – નુકસાન ખાતે　　(d) ભાગીદારોના મૂડી ખાતે

(6) મધ્યસ્થ સરકારની મંજૂરી મળ્યા તારીખથી કેટલા માસ સુધીમાં વટાવનથી શેર બહાર પાડવા જોઈએ ?

| | |
|---|---|
| (a) એક માસ | (b) બે માસ |
| (c) છ માસ | (d) બાર માસ |

(7) ‘ ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતું ’ કંપની માટે શું છે ?

| | |
|---|---|
| (a) મિલકત | (b) દેવું |
| (c) લેણું | (d) નુકશાન |

(8) ચાલુ મિલકતોમાથી કઈ મિલકત બાદ કરવાથી પ્રવાહી મિલકતો મળે છે ?

| | |
|---|---|
| (a) સ્ટૉક | (b) રોકડ અને બૅન્કસિલક |
| (c) દેવાદરો | (d) લેણીહૂંડી |

(9) પ્રવાહી ગુણોતર એ .................

| | |
|---|---|
| (a) સદ્ધરતાનું માપ દર્શાવે છે. | (b) ટૂંકા ગાળાની નફાકારકતાનું માપ છે. |
| (c) નફાકારકતાનું માપ છે. | (d) તરલતાનું માપ છે. |

(10) નીચેનામાંથી કયો વ્યવહાર હમેશા કામગીરી પ્રવૃત્તિનો વ્યવહાર બને છે.

| | |
|---|---|
| (a) લોનનું ચૂકવેલ વ્યાજ | (b) મળેલ ડિવિડન્ડ |
| (c) ચૂકવેલ ડિવિડન્ડ | (d) પગારનો ખર્ચ |

## વિભાગ : B

• નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો : (પ્રત્યેકના 1 ગુણ) 10

(11) અધિક નફો એટલે શું ?

(12) એકત્રિત નફાની વહેંચણી કઈ રીતે થાય છે ?

(13) પુન:મૂલ્યાંકન સમયે મિલકતની કિંમતમાં થતો ઘટાડો કયા ખાતે નોંધાય છે ?

(14) માલ-મિલકત નિકાલ ખાતું શા માટે ખોલવામાં આવે છે ?

(15) જામીનગીરી પ્રીમિયમ એટલે શું ?

(16) ડિબેન્ચર પરત કરવાની રીતો જણાવો.

(17) આડુ વિશ્લેષણ એટલે શું ? *અથવા* ઊભું વિશ્લેષણ એટલે શું ?

(18) નાણાકીય ખર્ચનું એક ઉદાહરણ આપો.

(19) ગુણોત્તર કયા કયા સ્વરૂપે રજૂ કરી શકાય ?

(20) ચૂકવેલ બાંયધરી કમિશન કઈ પ્રવૃત્તિમાં ધ્યાનમાં લેવાય છે ?

## વિભાગ : C

- **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો : (પ્રત્યેકના 3 ગુણ)** **18**

(21) રામ, લક્ષ્મણ અને ભરત એક પેઢીના ભાગીદારો છે.તેઓની મુડીનું પ્રમાણ 3:2:1 છે ભાગીદાર ભરતને તેનું કમિશન આપ્યા બાદ વધતાં ચોખ્ખા નફાના 6% કમિશન આપવાનું છે.તા.31-3-2018ના રોજ પુરા થતાં વર્ષનો પેઢીનો નફો રૂ. 20,988 હોય તો ભાગીદાર ભરતને કુલ કેટલી રકમ મળશે ?

(22) જોષી, વ્યાસ અને બારોટ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચેનું નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 4 : 3 : 3 છે. બધા જ ભાગીદારોએ નફા નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 2 : 2 : 1 કરવાનું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.

(23) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો.

(1) આવકવેરાની જવાબદારી રૂ.10,000ની ચૂકવવાની થઈ જે ચોપડે નોંધેલ નથી.

(2) પેઢીના વિસર્જન વખતે ચોપડે મોટરકાર રૂ. 1,00,000 ની બતાવેલ છે.એક ભાગીદાર રૂ.60,000 માં લઈ જાય છે.

(3) એક ભાગીદાર તેના શ્રીમતીની પેઢીને આપેલ લોન રૂ. 60,000 ચૂકવવાનું સ્વીકારે છે.

(24) માલ-મિલકત નિકાલ ખાતાની પ્રથમ પદ્ધતિ અને બીજી પદ્ધતિ વચ્ચેનો તફાવત લખો.

*અથવા*

(24) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી કેવી રીતે કરશો.

1. રોકાણ વધઘટ ભંડોળ
2. પ્રોવિડન્ડ ફંડ
3. નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી

(25) સુંદર લિમિટેડે તા.1-1-2019ના રોજ રૂ.100 નો એક એવા 11 ટકાના 8,000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા. 8 વર્ષ બાદ તા31-12-2027ના રોજ બધા ડિબેન્ચર પરનાં નાણા 10 ટકાના પ્રીમિયમથી પરત કરવાનાં છે.કંપનીના ચોપડે જરૂરી આમનોધ લખો. બાબત જે વગર

(26) નાજ મોટર્સ લિમિટેડે રૂ.250નો એક એવા 8 ટકાના 4000 ડિબેન્ચર્સ બહાર પાડ્યા.બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બહાર પાડેલા પોતાના 1500 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ રૂ.225ના ભાવે રોકાણ કરવા માટે બજારમાંથી ખરીદ કર્યા હતા. થોડા મહિના બાદ, કંપનીએ ખરીદેલા આ ડિબેન્ચર્સ ડિબેન્ચર દીઠ રૂ.290ના ભાવે બજારમાં વેચી દીધા હતા. જરૂરી આમનોધ લખો.

અથવા

(26) ડિબેન્ચર બહાર પાડવાની અંગેની વિધિ જણાવો.

## વિભાગ : D

• નીચેના 27 થી 30 પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ આપ (પ્રત્યેકના 4 ગુણ) 16

(27) ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા 5 વર્ષના ભારિત સરેરાશ નફાની ચાર વર્ષની ખરીદીને આધારે નક્કી કરો :

| વર્ષ | 2011 | 2012 | 2013 | 2014 | 2015 |
|---|---|---|---|---|---|
| નફો (રૂ.) | 10,000 | 12,000 | 15,000 | 18,000 | 25,000 |

(28) જીતુ લિમિટેડનાં તા: 31-03-2017 અને 31-03-2018નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવે છે.તેમાં આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

તા: 31-03-2017 અને 31-03-2018નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા- નુકસાનનાં પત્રકો

| વિગત | નોંધ નંબર | 31-3-2018 (રૂ.) | 31-03-2017 (રૂ.) |
|---|---|---|---|
| વેચાણની ઊપજો | | 9,00,000 | 8,00,000 |
| અન્ય આવકો | | 2,00,000 | 1,00,000 |
| વપરાયેલ માલની પડતર | | 3,30,000 | 3,00,000 |
| નાણાંકીય ખર્ચાઓ | | 60,000 | 60,000 |
| ઘસારો | | 40,000 | 40,000 |
| અન્ય ખર્ચાઓ | | 1,80,000 | 2,00,000 |

આવકવેરાનો દર 30% હતો.

(29) ગૌતમ લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને કાર્યશીલ મૂડીની ગણતરી કરો.

| વિગત | રકમ (રૂ.) | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|---|
| દેવાદારો | 90,000 | લેણીહૂંડી | 30,000 |
| જમીન મકાન | 5,00,000 | ફર્નિચર | 60,000 |
| ખર્ચા ચુકવવાના બાકી | 40,000 | બિનચાલુ રોકાણો | 70,000 |
| ચાલુ રોકાણો | 30,000 | રોકડ-રોકડ સમકક્ષ | 30,000 |
| લેણદારો | 60,000 | દેવીહૂંડી | 20,000 |
| ઘાલખાધ અનામત | 20,000 | સ્ટોક | 60,000 |

***અથવા***

(29) ગંગા લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે લેણદારોનો ઉથલો અને દેવાદારોનો ઉથલો શોધો.

| વિગત | રકમ (રૂ.) | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|---|
| કુલ ખરીદી | 30,00,000 | રોકડ ખરીદી | 4,00,000 |
| ઉધાર વેચાણ | 48,00,000 | આખરનાં વેપારી લેણાં | 1,70,000 |
| શરૂનાં વેપારી લેણાં | 2,30,000 | રોકડ વેચણ | 12,00,000 |
| કાચો નફો | 12,00,000 | આખરનાં વેપારી દેવાં | 4,80,000 |
| શરૂનાં વેપારી દેવાં | 3,60,000 | | |

(30) મુન મુન કંપનીની નીચેની વિગતોના આધારે કામગીરી પ્રવૃત્તિઓમાંથી ઉદભવતા રોકડ પ્રવાહ નું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (રૂ.) |
|---|---|
| કાર્યશીલ મૂડીના ફેરફારો પહેલાંનો નફો | 9,90,000 |
| દેવાદારોમાં વધારો | 1,50,000 |
| લેણીહુંડીમાં ઘટાડો | 80,000 |
| સ્ટોકમાં ઘટાડો | 60,000 |
| અગાઉથી ચુકવેલ ખર્ચમાં વધારો | 50,000 |
| ખર્ચા ચુકવવના બાકી (વધારો) | 30,000 |
| લેણદારોમાં ઘટાડો | 40,000 |

***અથવા***

(30) સોહમ કંપનીની નીચેની વિગતો પરથી કામગીરી નફાને અસર કરતા વ્યવહારો અને રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદભવતા રોકડ પ્રવાહ શોધો.

| વિગત | રકમ (રૂ.) |
|---|---|
| ફર્નિચરની શરૂઆતની બાકી | 12,00,000 |
| ફર્નિચરની આખરની બાકી | 18,00,000 |
| ફર્નિચર પર ઘસારો | 2,00,000 |
| ફર્નિચર વેચાણ | 4,00,000 |
| વેચેલ ફર્નિચરની ચોપડેકિંમત | 3,20,000 |

## વિભાગ : E

• નીચેના 31 થી 33 પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ આપો : (પ્રત્યેકના 8 ગુણ) 24

(31) આજુ અને બાજુ 2:3ના પ્રમાણમાં નફો નુકસાન વહેચતાં ભાગીદારો છે. તા.31-03-2018ના રોજ તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

તા.31-3-2018ના રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (રૂ.) | મિલકત-લેણાં | રકમ (રૂ.) |
|---|---|---|---|
| મૂડી ખાતા : | | જમીન અને મકાન | 60,000 |
| આજુ 30,000 | | ઓજારો | 10,000 |
| બાજુ 50,000 | 80,000 | દેવાદારો | 15,000 |
| | | રોકડ સિલક | 3,000 |
| લેણદારો | 12,000 | સ્ટોક | 10,000 |
| સામાન્ય અનામત | 8,000 | નફા-નુકસાન ખાતું (ઉધાર) | 2,000 |
| | 1,00,000 | | 1,00,000 |

કાજુને નીચેની શરતોએ નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો :

(1) કાજુ પોતના નફા-નુકસાનના ભાગના પ્રમાણમાં જરૂરી રકમ મૂડી પેટે અને રૂ.5000 રોકડા પાઘડી પેટે લાવશે.

(2) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખવી.

(3) નવું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 2:2:1 રાખવું.

(4) જમીન અને મકાનની કિંમતમાં રૂ.10,000નો વધારો કરવો અને ઓજારોની કિંમત રૂ.12,000 ગણવી.

(5) રૂ.1,000ની મળવાની બાકી આવક ચોપડે નોંધેલ નથી તે નોંધવી.

ઉપરની માહિતી પરથી જરૂરી ગણતરી દર્શાવી જરૂરી ખાતાં અને પાકુ સરવૈયું તૈયાર કરો.

(32) રાજા, બાદશાહ અને ગુલામ 4 : 3 : 2 ના પ્રમાણથી નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. ગુલામ 31/03/2017 ના રોજ નિવૃત્ત થાય છે તે દિવસે તા.31/03/2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતાં : | | જમીન મકાન | 4,500 |
| રાજા 3,600 | | પ્લાન્ટ યંત્રો | 1,530 |
| બાદશાહ 2,700 | | સ્ટોક | 1,400 |
| ગુલામ 1,800 | 8,100 | દેવાદારો 900 | |
| લેણદારો | 1,200 | - ઘાલખાધ અનામત 30 | 870 |
| ખર્ચનાં બાકી દેવાં | 100 | રોકડ અને બેન્ક | 1,100 |
| | 9,400 | | 9,400 |

શરતો નીચે પ્રમાણે છે :

(1) જમીન મકાનની કિંમત 20 % થી વધારવી.

(2) સ્ટોકની કિંમતમાં 10% વધારો કરવો.

(3) ઘાલખાધ અનામતની હવે જરૂર નથી

(4) પેઢીની પાઘડી રૂ.1,800 નક્કી થઈ,જે ચોપડે બતાવવાની છે.

(5) રૂ.10 કમિશનના મળવાના બાકી છે.

(6) ગુલામની લેણી રકમ પૈકી રૂ.2,000 લોન તરીકે રાખવા અને બાકીની રકમ રોકડેથી ચુકવવી.ધંધાની કાર્યશીલ મુડી માટે રૂ.2000 (રોકડા) રાખવા.

(7) ચાલુ ભાગીદારો તેમની મૂડી તેમના નવા નફા-નુકસાન પ્રમાણમાં (3:2) રાખશે અને તે માટે જરૂરી રોકડ લાવશે કે લઈ જશે.

જરૂરી ખાતાં તૈયાર કરી અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

(33) જુગલ લિમિટેડ કંપનીએ 3,00,000 ઈક્વિટી શેર રૂ. 10 લેખે બહાર પાડ્યા. શેર પર નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શેર દીઠ રૂ. 3

મંજૂરી વખતે શેર દીઠ રૂ. 2.50

પ્રથમ હપ્તા વખતે શેર દીઠ રૂ. 2.50

આખરી હપ્તા વખતે શેર દીઠ રૂ. 2

કુલ 4,56,000 શેર માટે અરજીઓ મળી હતી. 4,50,000 શેરના અરજદારોને પ્રમાણસર ફાળવણીથી 3,00,000 શેર મંજૂર કરવામાં આવ્યા હતા. 6000 શેરની અરજીઓ નામંજુર કરી.એક

શેર હોલ્ડર માનવ સિવાયના બાકીના બધાજ શેરહોલ્ડરો પાસેથી પૂરેપૂરી ભરપાઈ થઈ ગઈ હતી. માનવને 600 શેર મંજૂર કરવામાં આવ્યા હતા તેણે છેલ્લા હપ્તાની રકમ ભરી નથી.તેના શેર જપ્ત કર્યા.માનવના બધા જ શેર રૂ. 9 લેખે પુર્ણ ભરપાઈ તરીકે બહાર પાડ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીનાં ચોપડે આમનોંધ આપો. ( બા.જે. જરૂરી નથી )

*અથવા*

(33) મુગલ લિમિટેડ કંપનીએ રૂ. 10 નો એક એવા 60,000 ઈક્વિટી શેર રૂ.5ના પ્રીમિયમથી બહાર પાડ્યા. શેર પર નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શેર દીઠ રૂ. 7 (પ્રીમિયમ સહિત )
મંજૂરી વખતે શેર દીઠ રૂ. 4
પ્રથમ હપ્તા વખતે શેર દીઠ રૂ. 2.50
આખરી હપ્તા વખતે શેર દીઠ રૂ. 1.50

કંપનીને 2,00,000 શેરની અરજીઓ મળી હતી. વધારાની અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી વિશાલે ધારણ કરેલા 2000 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શેર પર પૂરેપૂરી રકમ મળી હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ વિશાલના શેર જપ્ત કર્યા અને તે શેર, શેરદીઠ રૂ. 2 લેખે ખુશીને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીનાં ચોપડે આમનોંધ આપો. ( બા.જે. જરૂરી નથી )

## વિભાગ : F

- **નીચે આપેલા પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ આપો : (પ્રત્યેકના 11 ગુણ)** 22

(34) સમ્રાટ અને અશોક એક પેઢીના ભાગીદારો છે. તા : 31/03/2017 ના રોજના કાચા સરવૈયા અને હવાલાઓ પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

સમ્રાટ અને અશોકની ભાગીદારી પેઢીનું તા. 31/03/2017ના રોજનું કાચું સરવૈયું

| ઉધાર બાકીઓ | રકમ રૂ. | જમા બાકીઓ | રકમ રૂ. |
|---|---|---|---|
| ઉપાડ : | | મૂડી ખાતાં : | |
| સમ્રાટ 10,000 | | પારેખ 1,00,000 | |
| અશોક 20,000 | 30,000 | મહેતા 1,20,000 | 2,20,000 |
| શરૂઆતનો સ્ટોક | 60,000 | વેચાણ | 80,000 |
| ખરીદી | 61,000 | પ્રોવિડન્ડ ફંડ | 4,000 |
| કસ્ટમ ડ્યુટી | 20,000 | સમ્રાટની લોન (1-7-2016થી ) | 20,000 |
| તોલાઈ | 1,000 | બેંક ઓવર ડ્રાફ્ટ | 18,000 |
| પ્રોવિડન્ડ ફંડમાં ફાળો | 1,000 | ચૂકવવાનો બાકી પગાર | 1,400 |
| ડેડસ્ટોક | 22,000 | ઘાલખાધ અનામત | 6,000 |
| પગાર મજુરી | 12,000 | દેવીહૂંડી | 14,000 |
| મહાજન લાગો | 2,000 | વેપારીઓ | 16,000 |
| ફેક્ટરીનું મકાન | 1,00,000 | | |
| ફેક્ટરીના મકાનનો ઘસારો | 10,000 | | |
| વિમા પ્રિમીયમ | 1,200 | | |
| અગાઉથી ચુકવેલ વિમાપ્રિમીયમ | 600 | | |
| ડેમરેજ | 200 | | |
| રોકડ | 6,000 | | |
| લેણીહૂંડી | 30,000 | | |
| ગ્રાહકો | 20,000 | | |
| વ્યવસાય વેરો | 1,000 | | |
| ઘાલખાધ | 1,400 | | |
| | 3,79,400 | | 3,79,400 |

- હવાલાઓ :

  (1) આખરનો સ્ટોક રૂ. 40,000 છે,પરંતુ તેની બજારકિંમત 20% ઓછી છે.

  (2) રૂ.1,000 ની કિંમતનો માલ મળ્યો હતો,પરંતુ ખરીદીનું ભરતિયું ખરીદનોંધમાં લખવાનું રહી ગયું છે.

  (3) ભાગીદારોને મૂડી પર 10% લેખે વ્યાજ આપવાનું છે.

  (4) ઘાલખાધ અનામત રૂ.3,000 નો માલ અને અશોકે રૂ.2,000નો માલ અંગત ઉપયોગ માટે લીધો હતો,જેની નોંધ ચોપડે ઉધાર વેચાણ તરીકે વેચાણનોંધમાં થઈ છે.

(35) તા.31/03/2017 ના રોજનું ગોમતી લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર ( રૂ.) | જમા ( રૂ.) |
|---|---|---|
| માલ સામગ્રી | 1,10,000 | |
| કાયમી મિલકતો - દશ્ય | 8,00,000 | |
| 5000 ઈક્વિટી શેર દરેક રૂ.100નો તેવા | | 5,00,000 |
| વેચાણ | | 7,50,000 |
| અન્ય ઉપજ | | 20,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 1,30,000 | |
| લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | | 3,50,000 |
| નાણાકીય પડતર | 17,500 | |
| વેપારી દેવાં | | 1,00,000 |
| વેપારી લેણાં | 40,000 | |
| રોકડ અને બેન્કસિલક | 60,000 | |
| ઘસારો | 22,500 | |
| વેચેલ માલની પડતર | 4,00,000 | |
| બિનચાલુ રોકાણો | 1,40,000 | |
| | 17,20,000 | 17,20,000 |

વધારાની માહિતી : કરવેરાની જોગવાઈ રૂ.80,000 કરો

ઉપરની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ – III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

................................ **BEST OF LUCK** ....................................